# ગાંધીનગરમાં કોરોનાના ૮ શંકાસ્પદ કેસ

## એક દર્દીને વધારે લક્ષણો જણાતા તેના નમૂના મેળવી અમદાવાદ સિવિલમાં પરીક્ષણ માટે મોકલાયા : પી.ડી.પી.યુ., રક્ષાશક્તિ યુનિ. તેમજ આર્મી કેમ્પસ ખાતે પણ હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટર શરૂ કરવા તૈયારી બતાવી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ૮ જણાને કોરોના વાયરસના શંકાસ્પદ દર્દી તરીકે આઈસોલોશેન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે સવારથી આ દર્દીઓને દાખલ કરવામાં આવેલ છે. હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિદેશ પ્રવાસેથી પરત ફરેલા આ દર્દીઓએ શરદી-ખાંસીની ફરિયાદ સાથે એક-બે દિવસ દરમ્યાન આવેલ તાવની ફરિયાદ કરી હતી.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે આ દર્દીઓને હાલ ક્લીનીકલી તપાસમાં કોઈપણ પ્રકારના લક્ષણો જણાતા નથી પરંતુ સઘન તપાસ જરૂરી લાગતાં તેમને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ દર્દીઓની સારવાર પણ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જો કે જરૂર પડ્યે કાલે તેમના વધુ ટેસ્ટ કરવામાં આવશે.

આ દર્દીઓમાં શરદી ખાંસી સામાન્ય હવામાનમાં ફેરફાર થતો હોવાથી ક્લીનીકલી કોઈ લક્ષણો જણાતા નથી પણ તેમને આઈસોલેશન વોર્ડમાં રાખવા જરૂરી જણાતાં દાખલ કરવામાં આવ્યા હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા તપાસવામાં આવી રહ્યા છે.

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે આ દર્દીઓમાં એક દર્દી તો મુંબઈથી પરત આવેલ છે તો વિદેશથી પણ પરત ફરેલા દર્દીઓ છે. આ સૂત્રોના જણાવ્યાનુસાર એક દર્દીની ફરિયાદના આધારે તેના લોહી અને અન્ય નમૂના મેળવી તપાસ માટે અમદાવાદ મોકલવામાં આવી રહ્યાનું પણ જાણવા મળેલ છે.

બીજી તરફ હાલ ગાંધીનગર જિલ્લામાં હાલ ૭૧થી વધુ વિદેશથી પરત ફરેલા લોકો હોમ કોરોન્ટાઈલ હેઠળ હોવાનું પણ આરોગ્યતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટર જે મનપા દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યુ હતુ તે તૈયાર થઈ ચુક્યુ છે. આજે કમિશ્નરશ્રીએ તૈયાર થયેલ આ ફેસીલીટી સેન્ટરની પણ મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે. સાંજે રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ પણ વિડીયો કોન્ફરન્સ યોજી તૈયારીઓ અંગેની સમીક્ષા કરી હતી.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ચાર અર્બન હેલ્થ સેન્ટર ખાતે તેમજ કેટલાક જાહેર સ્થાનો પર કોરોનાથી કેવી રીતે બચી શકાય, શું શું સાવચેતી રાખવી તેના હોર્ડિંગ્સ પણ લગાવી લીધા છે.

પી.ડી.પી.યુ., રક્ષાશક્તિ યુનિ. દ્વારા પણ હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટર શરૂ કરવાની

● અનુસંધાન પાન-૭ પર

### સિવિલના આઈસોલેશન વોર્ડમાં સુવિધાઓના અભાવની ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉભા કરાયેલ આઈસોલેશન વોર્ડમાં સુવિધાઓનો અભાવ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

આ વોર્ડમાં કોમન ટોયલેટ છે તેમજ પીવાના પાણીની અલગ વ્યવસ્થાનો અભાવ હોવાની વાતો પણ બહાર આવવા પામી છે.

હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં ૮ શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવેલા છે.

### કોરોના વાઈરસ અંગે સારવાર આપતી હોસ્પિટલો માટે ગાઈડલાઈન જારી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

કોરોના વાઈરસ રોગ અંગે સારવાર આપતી હોસ્પિટલો માટે આજે ખાસ માર્ગદર્શિકા આરોગ્ય કમિશ્નરેટ દ્વારા જારી કરવામાં આવી છે.

આ રોગ માટેના શંકાસ્પદ દર્દી માટે સ્ક્રિનીંગ તેમજ આઈસોલેશન વોર્ડની અલગથી વ્યવસ્થા કરવાની રહેશે. આવા દર્દી આવે તો તેને તત્કાલ તપાસવાનો રહેશે. તેમજ તેના સેમ્પલ લઈ અને રિઝલ્ટ આવ્યા બાદ ડિસ્ચાર્જ પોલીસી અનુસાર જ રજા આપવાની રહેશે. આવા દર્દીને દાખલ કરવામાં આવે તો તાત્કાલિક તેની જાણ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, રોગચાળા નિયંત્રણ અધિકારી અને રાજ્યકક્ષાએ કરવાની રહેશે. આ માટે સિનીયર મેડીકલ ઓફિસર, આર.એમ.ઓ. કે અન્ય સિનીયર અધિકારીની નોડલ ઓફિસર તરીકે નિમણુંક કરવાની રહેશે.



“હરિ તું ગાડું મારું ક્યાં લઈ જાય, કાંઈ ના જાણું...” ગુજરાતી ભાષાનું આ ભજન ઈશ્વરને પોતાના જીવનનું ચાલકબળ માની તેનામાં સંપૂર્ણ વિશ્વાસ મુકવાની વાત કહે છે. જો કે, આ ત્રિ-ચક્રી વાહનમાં નિર્દોષ મસ્તીએ ચઢેલા બાળકો પણ જાણે પોતાના ભેરું પર સંપૂર્ણ વિશ્વાસ મુકી જે મોજથી મુસાફરી માણવા બેસી ગયાં છે તે જોઈને પેલા ભજનમાં જે જીવનનો મર્મ સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે તે અહીં આસાનીથી સમજાઈ જાય તેમ છે. પણ જો સમજવો હોય તો... બાકી આ ગાડી મારી ને પેલી સીટ મારી કરવા રહીએ તો જીવનની ‘સફર’ ક્યારે પુરી થઈ જાય તેની કોને ખબર હોય છે..!!!

# કોંગ્રેસના વધુ એક ધારાસભ્યનું રાજીનામું

## રવિવારના દિવસે ચારના રાજીનામા બાદ મંગળ ગાવિતનું રાજીનામુ : કોંગ્રેસનું સંખ્યાબળ વિધાનસભામાં ગગડીને ૬૮ થયું : ભાજપ રાજ્યસભાની ત્રણ સીટો જાળવે તેવી પ્રબળ શક્યતા : કોંગ્રેસમાં હજુ ભારે દુવિધાની સ્થિતિ

અમદાવાદ, તા.૧૬

રાજયસભાની ચૂંટણી પહેલા જ કોંગ્રેસમાં ગાબડા પડવાનો સિલસિલો જારી રહ્યો છે. ચાર ધારાસભ્યોના રાજીનામા બાદ આજે કોંગ્રેસના પાંચમાં ધારાસભ્ય ડાંગના ધારાસભ્ય મંગળ ગાવિતે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દેતા ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ ૭૩થી ઘટીને ૬૮ થયું છે. કોંગ્રેસના પાંચ ધારાસભ્યોના રાજીનામા સંદર્ભમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ સત્તાવારરીતે જાહેરાત કરતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. કોંગ્રેસની હાલત રાજયસભાની



ચૂંટણી પહેલા દિનપ્રતિદિન ખરાબ થઈ રહી છે. સંખ્યાબળ ઘટી રહ્યું છે. હજુ પણ વધુ ધારાસભ્યોના રાજીનામા પડે તેવી શક્યતા છે.

કોંગ્રેસમાં કફોડી હાલતના લીધે ભાજપ રાજ્યસભાની ત્રણ સીટ જાળવી રાખે તેવી સંભાવના પ્રબળ બની ગઈ છે. રાજયસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસના ગઢમાં ભાજપે મોટા ગાબડા પાડી દીધા છે. એટલે કે, ભાજપ તડજોડની તેની કૂટનીતિમાં ફરી એકવાર સફળ થયુ છે અને કોંગ્રેસના એક, બે નહી પરંતુ પાંચ ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા છે. જેને પગલે હવે રાજયસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસમાં કારમી હારનો ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. ઘટનાક્રમના દોર વચ્ચે ડાંગના ધારાસભ્ય મંગળ ગાવિતે રાજીનામા આપી દેતાં ગુજરાત વિધાનસભામાં હવે કોંગ્રેસનું સંખ્યાબળ ૭૩થી ઘટીને ૬૮નું થયુ છે. કોંગ્રેસના પાંચ ધારાસભ્યો અંગે આજે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ પણ સત્તાવાર જાહેરાત કરી હતી, જેને લઈ સમગ્ર સ્થિતિ સ્પષ્ટ બની હતી. બીજીબાજુ, કોંગ્રેસના પાંચ ધારાસભ્યોના રાજીનામા બાદ હવે ભાજપ માટે રાજયસભાની ચૂંટણીનો જંગ બહુ આસાન બની ગયો છે. ગુજરાતમાં રાજયસભા ચૂંટણીને પગલે છેલ્લા બે દિવસથી હાઈવોલ્ટેજ રાજકીય ડ્રામા ચાલી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

### રાજીનામુ આપનારા કોંગ્રેસના ધારાસભ્યો

- પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસાના ધારાસભ્ય)
- સોમા ગાંડા પટેલ (લીંમડીના ધારાસભ્ય)
- જેવી કાકડિયા (ધારીના ધારાસભ્ય)
- પ્રવિણ મારુ (ગઢડાના ધારાસભ્ય)
- મંગળ ગાવિત (ડાંગના ધારાસભ્ય)



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### જિલ્લામાં બે વર્ષ દરમિયાન વૃક્ષછેદન કરતા ૩૫ ઝડપાયા

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર વૃક્ષોનુ છેદન કરતા કેટલા શખ્સો પકડાયા માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષોનુ છેદન કરતા ૩૫ શખ્સોને પકડવામાં આવ્યા છે. જયારે તેમની પાસેથી ૪.૦૬૭ ઈમારતી લાકડુ અને ૬૭ ક્વિ જલાઉ લાકડુ જયારે વર્ષ ૨૦૧૯-૨૦ માં ૪.૦૭૧ ઘ મી ઈમારતી અને ૧૪.૫૦૦ ક્વિ જલાઉ લાકડાનો જથ્થો જપ્ત કરાયો છે. જયારે વૃક્ષ છેદનના ગુન્હામાં પકડાયેલા ઈસમો સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ની જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

- **આર ટી આઇ અન્વયે શહેરની શાળાઓમાં ૧૧૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ**

રાઈટ ટુ એજ્યુકેશન એકટના અમલ અન્વયે જિલ્લામાં બે વર્ષ દરમિયાન છેલ્લા બે વર્ષમાં શહેરમા ૧૧૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. શિક્ષણમંત્રીના જણાંવ્યા મુજબ જયારે જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૪૪૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

- **વિધવાઓના પુન : સ્થાપન અન્વયે ૧૪૮૩૪ લાભાર્થીઓને સહાય**

જિલ્લામાં વિધવાઓના પુનઃ સ્થાપન માટે આર્થિક સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી તેવા પ્રશ્નના જવાબમાં મહીલા અને બાળકલ્યાણ મંત્રીએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮ દરમિયાન ૧૬૩૩ અને વર્ષ ૨૦૧૯ દરમિયાન ૧૩૨૦૧ અરજીઓ મળી છે. જયારે આ યોજના અન્વયે ૨૯૯ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. જયારે લાભાર્થીઓને દર મહીને સહાય ચુકવવામાં આવે છે.

- **કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ૮૧૧૨ વિદ્યાર્થીઓને ટેબલેટ અપાયુ**

કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં ટેબલેટ આપવાની યોજના અન્વયે કેટલા વિદ્યાર્થીઓને ટેબલેટ અપાયા દક્ષિણના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે શિક્ષણમંત્રીએ રજુ કરેલા જવાબ અનુસાર ૮૧૧૨ વિદ્યાર્થીઓને ટેબલેટનુ વિતરણ કરાયુ જયારે આ અન્વયે કુલ ૫૦૮ લાખનો ખર્ચ કરાયો છે.

- **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે ૧૨૬૬૨ લાભાર્થીઓને સહાય**

છેલ્લા એક વર્ષમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં મહીલા બાળ આરોગ્ય કલ્યાણ મંત્રીએ જણાંવ્યા મુજબ આ અન્વયે ગાંધીનગર તાલુકામાંથી ૫૨૨૫, દહેગામમાંથી ૩૩૦૭, કલોલ તાલુકામાંથી ૧૮૩૧ અને માણસા ૨૮૩૭ જેટલી અરજીઓ મળી છે. જયારે આ પૈકી જિલ્લામાંથી ૧૨૬૬૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને પ્રતિમાસ રૂ ૧૨૫૦ની સહાય ચુકવાય છે.

# ધો -૧૦ માં અંગ્રેજી વિષયમાં નિબંધ પુછાયો ‘જો હું સરપંચ હોઉં તો...’

## અંગ્રેજીના પેપરમાં મોટાભાગના પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછાયા : પેપર અઘરુ છતા ગણિત કરતા સરળ

ગાંધીનગર તા ૧૬

ધો -૧૦ માં પરીક્ષાના અંતિમ તબક્કામાં આજે અંગ્રેજી વિષયની પરીક્ષા હતી. જિલ્લામાંથી ૨૪૩૭૪ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી જયારે ૫૬૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ધો -૧૦ માં અંગ્રેજીનુ પેપર ગણિત કરતા પ્રમાણમાં સરળ પરંતુ પ્રત્યેક પ્રશ્નોનો વિચારીને જવાબ આપવો પડે તેવુ હતુ અલબત્ત અંગ્રેજીનુ પેપર સ્ટાન્ડર્ડ કહી શકાય પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછાયા હતા જયારે લાયબ્રેરીની મુલાકાત , જો હું સરપંચ હોઉં તો જેવ રસપ્રદ વિષય અંગે નિબંધો પુછાયા હતા.

ધો -૧૦ માં બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે પરીક્ષાના અંતિમ તબક્કામાં આજે વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી. જેમાં જિલ્લામાંથી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ અંગે સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિષય નિષ્ણાંત મૌલિક પી શુકલના જણાંવ્યા મુજબ પ્રશ્નપત્રમાં પુછાયેલા નિબંધમાં જો હું ગામનો સરપંચ હોઉં તો ..લાયબ્રેરીની મુલાકાત, અને મારુ પ્રિય પીંછાવાળુ મિત્ર વિષય પર નિબંધ પુછાયો હતો. સરળ વિષયના નિબંધ લખવામાં વિદ્યાર્થીઓને મજા પડી હતી. જયારે સ્વચ્છતા અભિયાનમા 'પોતાના ભાઈને સહભાગી બનાવવા આમંત્રણ આપવાના વિષય અંગે ઈમેલ પુછાયો હતો. જયારે તમારી શાળામાં નવનિયુકત આચાર્યને

● અનુસંધાન પાન-૭ પર

### ધો-૧૨ના અંગ્રેજીના પેપરમાં સ્ત્રી સશકિતકરણ અંગેનો નિબંધ પુછાયો

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે અંગ્રેજી વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી વિષયની કસોટી વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી. ગાંધીનગર જિલ્લામાંથી ૩૫૫૪ વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી જયારે ૨૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. કીશોર ઈન્સ્ટીટયુટના વિષય નિષ્ણાંત નિતીન ઠાકરના જણાંવ્યા મુજબ અંગ્રેજીના પેપરમાં ૫૦ ટકા એમ સી ક્યુ તેમજ ૫૦ ટકા પ્રશ્નો થિયરીના હતા જયારે સ્ત્રી સશકિતકરણ , ભારતમાં ચુંટણી જેવા વિષયો અંગે નિબંધો પુછાયા હતા. આ ઉપરાંત બોર્ડ પરીક્ષાની તૈયારી અંગેનો ઈમેલ પુછાયો હતો. આ ઉપરાત વૃધ્ધાશ્રમની મુલાકાત અંગે રીપોર્ટ પુછાયો હતો. પ્રશ્નપત્રમાં પ્રશ્નો પાઠયપુસ્તક આધારિત હતા. જયારે ડાયરેકટ ઈનડાયરેકટ સ્પીચના પ્રશ્નો પણ સરળ હતા. વિદ્યાર્થીઓ માટે પેપર સરળ પુરવાર થયુ હતુ. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મોટાભાગના બધા વિષયોની પરીક્ષા પુર્ણ થઈ ગઈ છે.જયારે પેપરો પ્રમાણમાં સરળ નિકળતા વિદ્યાર્થીઓએ પણ હાંશકારો લીધો છે. આજે પણ અંગ્રેજીની પરીક્ષાના અંતે જિલ્લામાંથી એક પણ કોપી કેસ નોંધાયો નથી.

**કોરોના ઈફેક્ટ**

### ગેરહાજર પક્ષકારો સામે વોરંટ ઈશ્યુ નહીં કરવા ઠરાવ

ગાંધીનગર તા ૧૬

કોરાના વાયરસને અનુલક્ષી ગુજરાત હાઈકોર્ટ દ્વારા સુઓ મોટો સંજ્ઞાનેને લઈ ગુજરાત સરકાર તથા સચિવને નોટીસ પાઠવી હતી જેમાં તાબાની અદાલતોમાં પક્ષકારોની હાજરીનો આગ્રહ ટાળવા પણ ટીપ્પમી કરાઈ હતી. આ સ્થિતિને ધ્યાને લઈ ગાંધીનગર બાર એસોસિએશને ગાંધીનગર ડિસ્ટ્રીટક કોર્ટના તાબામાં આવતી તમામ કોર્ટોમાં તથા કલેકટર, પ્રાંત અધિકારી,મામલતદાર ઓફિસમાં પણ પક્ષકારોના કેસો બાબતે મોટા પ્રમાણમાં અરજદારો આવતા હોવાથી ગેરહાજરી સંબંધે વોરન્ટ ઈસ્યુ નહીં કરવા ઠરાવ કર્યો છે. ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા અનુસાર બાર એસોસિએશનની તાકીદની બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો છે જેમાં કોરોના વાયરસની મહામારી વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી હોવાથી તા ૧૬ થી ૩૧ માર્ચ સુધી પક્ષકારો તેમજ વકીલોની ગેરહાજરી દરગુજર કરી આગળની કાનુની કાર્યવાહી તેમજ પક્ષકારો સામે વોરન્ટ નહીં કાઢવા પણ ઠરાવમાં જણાંવાયુ છે. જયારે એડવોકેટની ગેરહાજરીમાં કોઈપણ કેસોનો નિકાલ નહીં કરવાનો ઉલ્લેખ પણ ઠરાવમાં કરવામાં આવ્યો છે.

**કોરોના ગભરાઈએ નહિ સતર્ક રહીએ...**

- જનહિતમાં પ્રકાશિત

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com